## (૧૫) શ્રી અનંતનાથ....

આવો ભક્તો, આજે પ્રણમીએ અનંતનાથ ભગવાન....

સ્વરૂપસાધના પૂર્ણ કરવા, થયો અંતિમ જનમ;
અયોધ્યા નગરે ગર્ભકલ્યાણક, ઉજવે સુરનરનાર....આવો ભક્તો...

ત્રણ જ્ઞાન સાથે પ્રભુજી પધાર્યાં, અભિષેક મેરુશિખરે;
તાંડવ નૃત્ય ઈન્દ્ર કરે, હર્ષ અપરંપાર....આવો ભક્તો...

ચારિત્રમોહ પરાભવ કરવા, ગ્રહી દીક્ષા આનંદકાર;
વનજંગલમાં એકલા વિહરતા, કરે સિદ્ધ સંગ વાત....આવો ભક્તો...

ઉપયોગમાં ઉપયોગ જામતાં, થયા પરમ વીતરાગ;
સમવસરણમાં અલિપ્ત બિરાજ્યા, આવ્યા ભવ્ય અપાર....આવો ભક્તો...

અનંત અનાદિના દુઃખ ગયા, ટાળ્યા જન્મ-મરણ;
સાદિ અનંત સમાધિ સુખને, ભોગવે અનંત નાથ....આવો ભક્તો...

ભક્તો સહુ સાથે મળીને, ભાવના ભાવે આજ;
અનંત ગુણ ભંડાર આતમમાં, રમી રહીએ સદાય....આવો ભક્તો...

***